| કુલ ગુણ | 100 |
|---|---|

# સંશોધન અને તાલીમ સહાયક પરીક્ષા - 2024

## PART - 1

પરીક્ષાની તારીખ : ૦૮/૧૨/૨૦૨૪

પરીક્ષાનો સમય : સવારે ૧૧:૦૦ થી ૧૩:૦૦

કેટેગરી

**A**

SEAL SEAL SEAL SEAL SEAL SEAL
SEAL SEAL SEAL SEAL SEAL SEAL

**PAPER-1**

SEAL SEAL SEAL SEAL SEAL SEAL

પરીક્ષાર્થીનો બેઠક ક્રમાંક

પરીક્ષાનો બ્લોક નંબર

પરીક્ષાર્થીની સહી

બ્લોક સુપરવાઇઝરની સહી

| | પરીક્ષાર્થીઓ માટે અગત્યની સૂચનાઓ |
|---|---|
| (1) | તમને કહેવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્ન પુસ્તિકા ખોલવી નહીં. |
| (2) | મોબાઇલ ફોન, કેલક્યુલેટર, સ્માર્ટ વોચ, પેજર, સ્પાય કેમેરા, હેડ ફોન કે અન્ય વીજાણું ઉપકરણો હોવાનુ જણાશે તો પરીક્ષાર્થીને ગેરલાયક ગણવામાં આવશે. |
| (3) | ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર વાતચીત કરવી, અવાજ કરવો કે સુપરવાઇઝરની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું તે ગેરશિસ્ત ગણાશે. |
| (4) | પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમ્યાન પરીક્ષાર્થીએ પરીક્ષા ખંડ છોડવાની મનાઇ છે. |
| (5) | પ્રશ્નપત્ર મળે કે તરત જ ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવો. |
| (6) | ઉત્તરપત્ર **(OMR SHEET)** માં નિશ્ચિત જગ્યા સિવાય પરીક્ષાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની આગવી ઓળખ છતી થાય તેવી નામ સહિતની અન્ય કોઈ પણ પ્રકારની નિશાની કરવાની સખ્ત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે. |
| (7) | ઉત્તરપત્ર **(OMR SHEET)** ના પ્રમાણપત્રમાં પરીક્ષાર્થી તથા સુપરવાઇઝર બંનેની સહી ફરજીયાત છે. બંનેની સહી વિનાના ઉત્તરપત્ર **(OMR SHEET)** નું મુલ્યાંકન થશે નહીં. જેથી ઉમેદવારે સુપરવાઇઝરશ્રીની સહી અવશ્ય મેળવી લેવી. |
| (8) | પરીક્ષાર્થીએ બ્લ્યુ/બ્લેક બોલપોઇન્ટ પેનનો ઉપયોગ કરી શકાશે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં. |
| (9) | પ્રશ્નપત્રની પુસ્તિકામાં કે પ્રશ્નના જવાબ આગળ કોઈપણ પ્રકારની નિશાની કરવી નહી. |
| (10) | <u>આ કસોટી પત્રમાં કુલ - 100 પ્રશ્નો છે</u>. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A, B, C અને D પૈકી કોઈ એક છે. દરેક પ્રશ્ન માટે ચાર વિકલ્પો આપવામાં આવેલ છે. તમારે બધા જ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.<br>ઉદાહરણ તરીકે : ગુજરાતનું પાટનગર કયું છે?<br>(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) પાટણ<br>અહીં જવાબ (B) ગાંધીનગર જવાબ સાચો હોય, **OMR SHEET** માં વિકલ્પ (B) નું વર્તુળ ઘુંટવાનું (Encode) કરવાનું થાય.<br>Ⓐ●ⒸⒹ |
| (11) | પ્રત્યેક સાચા જવાબદીઠ ૧ (એક) ગુણ મળવાપત્ર થશે. માઇનસ માર્કીંગ સિસ્ટમ નથી. **(NO NEGATIVE MARKING SYSTEM)** |
| (12) | છેકછાકવાળા જવાબ તથા એકથી વધારે વિકલ્પમાં આપેલ જવાબ તથા બ્લેડ કે રબ્બર કે વાઇટનર (સફેદ શાહી) નો ઉપયોગ કરી બદલાવેલ જવાબ માટેના ગુણ મળવાપાત્ર નથી. |
| (13) | પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર **(OMR SHEET)** બ્લોક સુપરવાઇઝરને પરત કર્યા બાદ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્ત ભંગના પગલાં ગણી પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે. |
| (14) | આ પરીક્ષા માટેનો સમય ૧૨૦ મિનિટનો છે. |

રફ કામ માટેનું પેઇજ

(1) શિક્ષણના બંધારણીય અધિકારમાં કઈ વયજૂથના બાળકોને શિક્ષણ મેળવવાનો અધિકાર આપવામાં આવ્યો છે ?

(A) 0 થી 14 વર્ષ
(B) 6 થી 12 વર્ષ
(C) 0 થી 18 વર્ષ
(D) 6 થી 14 વર્ષ

(2) RTE - 2009 મુજબ પ્રારંભિક શિક્ષણનો અભ્યાસક્રમ નક્કી કરવાની જવાબદારી કોને સોંપવામાં આવી છે ?

(A) GIET (B) GCERT (C) VSK (D) GTBB

(3) 2011 ના વસ્તી ગણતરીના આંકડા પ્રમાણે ગુજરાતમાં સાક્ષરતા દર કેટલો છે ?

(A) 79.31 % (B) 89.31 % (C) 69.31 % (D) 59.31 %

(4) ગુજરાતમાં વિધાનસભાની બેઠકોની સંખ્યા કેટલી છે ?

(A) 162 (B) 172 (C) 182 (D) 192

(5) આ વર્ષે આયુર્વેદ દિવસ ક્યારે મનાવવામાં આવ્યો ?

(A) 29 ઑક્ટોમ્બર 2024
(B) 28 ઑક્ટોમ્બર 2024
(C) 27 ઑક્ટોમ્બર 2024
(D) 26 ઑક્ટોમ્બર 2024

(6) નીચે આપેલ વિકલ્પ પૈકી 'કાનન' શબ્દનો સમાનાર્થી શબ્દ જણાવો.

(A) કૂમળું
(B) વન
(C) કાજળ
(D) કર્મ

(7) 'ભારેલો અગ્નિ' નવલકથાના લેખક કોણ છે ?

(A) રમણલાલ દેસાઈ
(B) રઘુવીર ચૌધરી
(C) ઝવેરચંદ મેઘાણી
(D) પ્રિયકાન્ત પરીખ

(8) સાચી જોડણી જણાવો.

(A) તિલાંજલિ
(B) તિલાંજલી
(C) તીલાંજલી
(D) તીલાંજલિ

(9) છંદ ઓળખાવો.

નમ્રતાથી સૌ કો રીઝે,
નમ્રતાને બહુ માન;
સાગરને નદીઓ ભજે,
છોડી ઊંચા સ્થાન

(A) દોહરો
(B) ચોપાઈ
(C) હરિગીત
(D) સવૈયા

(10) શિક્ષણ દ્વારા જ્ઞાનબળ વધારાય છે. કર્મણી વાક્ય જણાવો.

(A) શિક્ષણ દ્વારા જ્ઞાનબળ વધશે.
(B) શિક્ષણ દ્વારા જ્ઞાનબળ વધી રહ્યું છે.
(C) શિક્ષણ જ્ઞાનબળ વધારે છે.
(D) શિક્ષણ દ્વારા જ્ઞાનબળ વધારવામાં છે.

(11) 'આભા બની જવું' એ રૂઢિપ્રયોગનો અર્થ શો થાય ?

(A) નવાઈ પામવું
(B) ભાવ ગુમાવવું
(C) ગુસ્સે થવું
(D) બૂમો પાડવી

(12) નીચે પૈકી પદ્ય શિક્ષણને પામવા માટેની પદ્ધતિ કઈ નથી ?

(A) સ્વાધ્યાય પદ્ધતિ
(B) પ્રોજકટ પદ્ધતિ
(C) રસાસ્વાદ
(D) અર્થબોધ પદ્ધતિ

(13) નીચેનામાંથી દ્રવ્યવાચક સંજ્ઞાનું ઉદાહરણ કયું ?

(A) જૂથ
(B) વિદ્યાર્થી
(C) હવા
(D) ઉત્સાહ

(14) સુદામાના વૈભવ આગળ કુબેર તે કોણ માત્ર – અલંકારનો પ્રકાર ઓળખો.

(A) વ્યતિરેક
(B) ઉપમા
(C) રૂપક
(D) અનન્વય

(15) નાનકડી નિયતી ઝડપથી દોડી આ વાક્યમાં 'ઝડપથી' શું છે ?

(A) સંયોજક
(B) કૃદંત
(C) વિશેષણ
(D) ક્રિયાવિશેષણ

(16) નીચે આપેલ વિકલ્પોમાં અસંગત શું છે ?

(A) બટેટા
(B) લસણ
(C) ડુંગળી
(D) ટમાટર

(17)

| | | |
|---|---|---|
| 4 | 9 | 2 |
| 3 | 5 | 7 |
| 8 | 1 | ? |

પ્રશ્નાર્થ ચિહ્નની શું કિંમત હશે ?

(A) 6
(B) 7
(C) 2
(D) 10

(18) અંગ્રેજી મૂળાક્ષરને ઊલટા લખવામાં આવે, તો જમણી બાજુથી 7 માં અક્ષરની ડાબી બાજુમાં 10 મો અક્ષર કયો આવે ?

(A) P (B) R (C) Q (D) T

(19) ઝરણાં ઉત્તર દિશામાં 10 કિમી જાય છે. ત્યાંથી દક્ષિણ બાજુ ફરીને 20 કિમી જાય છે. ત્યાંથી પશ્ચિમ દિશામાં ફરીને 10 કિમી ચાલે છે. ત્યારબાદ પૂર્વ દિશામાં ફરીને તે બાજુ 20 કિમી જાય છે. હાલ તે પોતાના પ્રથમ સ્થાનથી કેટલી દૂર હશે ?

(A) 10 કિમી (B) 20 કિમી (C) 30 કિમી (D) 20 મીટર

(20) એક સંખ્યાના 40% ના 40% = 40 છે, તો તે સંખ્યા કઈ ?

(A) 360 (B) 320 (C) 200 (D) 240

(21) ફ્રોબેલના મત મુજબ કેળવણી એટલે.....

(A) સદ્‌ગુણોના વિકાસની તાલીમ
(B) બાળકની અંર્તનિહિત શક્તિઓનો બર્હિગત વિકાસ
(C) બાળકનો સર્વદેશીય વિકાસ
(D) મનુષ્યનો પ્રગતિશીલ વિકાસ

(22) "જવાબદારી સ્વૈચ્છિક સ્વીકૃતિમાંથી જ શિસ્તનો જન્મ થાય છે." કયો વાદ આ વિચારને પ્રભાવિત કરે છે ?

(A) વ્યવહારવાદ
(B) અસ્તિત્ત્વવાદ
(C) વાસ્તવવાદ
(D) પ્રકૃતિવાદ

(23) બુનિયાદી શિક્ષણ મહત્તમ પ્રાધાન્ય શાને આપે છે ?

(A) માતૃભાષાનું અધ્યયન
(B) લોકશાહીય નાગરિકત્વ માટેનું શિક્ષણ
(C) સાદગીપૂર્ણ જીવન જીવવા માટેનું અધ્યયન
(D) ઉદ્યોગ દ્વારા શિક્ષણ

(24) સ્વામી વિવેકાનંદજીના મત મુજબ ભારતને કેવા શિક્ષણની અનિવાર્યતા છે ?

(A) ચારિત્ર્યનું નિર્માણ કરે તેવા
(B) મનના સામર્થ્યનો વિકાસ કરે
(C) ઈન્દ્રિય શક્તિઓનો વિકાસ કરે
(D) ઉપરોક્ત બધા જ

(25) પાશ્ચાત્ય વિચારવાદીઓના મતે આદર્શવાદનું અંતિમ સત્ય કયું છે ?

(A) મન
(B) વિચાર
(C) બ્રહ્મ
(D) પરિવર્તન

(26) "પ્રેગ્નેટિઝમ" શબ્દ કઈ તાત્વિક વિચારધારા સાથે જોડાયેલ છે ?

(A) વ્યવહારવાદ
(B) પ્રકૃતિવાદ
(C) આદર્શવાદ
(D) અસ્તિત્વવાદ

(27) કેળવણી અને તાલીમ વચ્ચેના તફાવતને સમજાવવા કયું વિધાન લાગુ પડતું નથી ?

(A) કેળવણી આજીવન ચાલે છે જ્યારે તાલીમ ચોકકસ સમયગાળા પૂરતી હોય છે.

(B) કેળવણીનું ધ્યેય સર્વાંગી વિકાસ છે જ્યારે તાલીમનું ધ્યેય ચોકકસ કૌશલ્ય વિકાસ છે.

(C) કેળવણીનો અભ્યાસક્રમ નિશ્ચિત નથી જ્યારે તાલીમમાં તે નિશ્ચિત છે.

(D) કેળવણી આપનાર નીપૂણ હોતો નથી જ્યારે તાલીમ આપનાર નીપૂર્ણ હોય છે.

(28) નીચેનામાંથી કયું વિધાન અવૈધિક (Non-formal) કેળવણીને લાગુ પડે છે ?

(A) કેળવણી માન્ય સંસ્થાઓ દ્વારા થાય છે.

(B) અભ્યાસક્રમ મહદ્અંશે નિશ્ચિત અને સુયોજિત હોય છે.

(C) અપવ્યય ને સ્થગિતતા જેવા પ્રશ્નો ઊભા થતા નથી.

(D) અપવ્યય અને સ્થગિતતા જેવા પ્રશ્નો ઊભા થાય છે.

(29) કેળવણીના પ્રવર્તમાન માળખામાં સુધારણા લાવવાની પ્રક્રિયા અંગેની વિચારણા નીચે પૈકીના કયા શાસ્ત્રમાં કરવામાં આવી હતી ?

(A) આદર્શવાદ (B) સંરચનાવાદ

(C) ભવિષ્યવાદ (D) કાર્યવાદ

(30) કોની દષ્ટિએ કેળવણી દ્વારા ઉત્તમ અને શ્રેષ્ઠ માનવનું નિર્માણ કરવાનો હેતુ છે ?

(A) શાશ્વતવાદ (B) વ્યવહારવાદ

(C) અસ્તિત્વવાદ (D) આદર્શવાદ

(31) વિકાસના કયા ક્ષેત્ર અંતર્ગત ભાષા વિકાસની ચર્ચા કરવામાં આવે છે ?

(A) શારીરિક વિકાસ (B) સાંવેગિક વિકાસ

(C) સામાજિક વિકાસ (D) માનસિક વિકાસ

(32) "સલાહ દર્શન એ સલાહ દર્શક અને સલાહ વાંચ્છુ વચ્ચેનો પ્રત્યક્ષ સંબંધ છે." એવી વ્યાખ્યા કોણે આપી હતી ?

(A) રૂથ સ્ટ્રોંગ (B) ગિલબર્ટ

(C) માયર્સ (D) વેબસટર

(33) બાળકોને અતિશય મહત્વકાંક્ષામાંથી મુકત કરાવવા કોની સાથે વાતચિત કરવી જોઈએ ?

(A) શિક્ષક (B) આચાર્ય

(C) માતા-પિતા (D) અધિકારી

(34) $\frac{MA}{CA} \times 100$ એ સૂત્ર દ્વારા શેનું માપ થાય છે ?

(A) I.Q. (B) E.Q. (C) S.Q. (D) M.T.

(35) વાક્ય ફરી બોલવું એ પ્રશ્ન કયા પ્રકારની કસોટીમાં પૂછી શકાય ?

(A) શાબ્દિક વ્યક્તિગત કસોટી
(B) શાબ્દિક સમૂહ કસોટી
(C) અશાબ્દિક કસોટી
(D) અશાબ્દિક વ્યક્તિગત કસોટી

(36) શોધ અધ્યયનનો સિદ્ધાંત કોના દ્વારા આપવામાં આવેલ છે ?

(A) જેરોમી બ્રુનર
(B) કર્ટ કોફકા
(C) બી.એફ. સ્કીનર
(D) એડવર્ડ થોર્નડાઇક

(37) નીચેનામાંથી શું અધ્યયન નથી ?

(A) જ્ઞાન પ્રાપ્તિ
(B) ટેવોનું નિર્માણ
(C) વલણોનો વિકાસ
(D) પ્રતિક્ષિપ્ત ક્રિયાઓ

(38) એક બાળક સાંવેગિક રીતે અસ્થિર છે. તો તેના વ્યક્તિત્વ માટે શું લાગુ પડે ?

(A) બહિર્મુખી વ્યક્તિત્વ
(B) અંતર્મુખી વ્યક્તિત્વ
(C) સાંવેગિક રીતે સ્થિર
(D) સુસંસ્કૃત

(39) થોર્નડાઇકના મતે નીચેના પૈકી કયા વિષયોમાં પરિસ્થિતિમાં રહેલું સામાન્ય તત્ત્વ સંક્રમણમાં સૌથી વધુ મદદરૂપ થાય છે ?

(A) ઇતિહાસ અને ગણિત
(B) ભૂગોળ અને ઇતિહાસ
(C) ગુજરાતી અને ભૂગોળ
(D) ગુજરાતી અને ઇતિહાસ

(40) જે ક્રિયા કરવાથી આપણને સંતોષ મળે છે તે ક્રિયા ફરી ફરી કરવી આપણને ગમે છે. શીખવાની પ્રક્રિયાનો આ નિયમ કયો ?

(A) તત્પરતાનો નિયમ
(B) પુખ્તતાનો નિયમ
(C) અસરનો નિયમ
(D) પુનરાવર્તનનો નિયમ

(41) ચલિતતાનું સૌથી વધુ વિશ્વસનીય માપ કયું ? (જેનો બહોળો ઉપયોગ થાય છે.)

(A) વિસ્તાર
(B) મધ્યક વિચલન
(C) ચતુર્થક વિચલન
(D) પ્રમાણવિચલન

(42) જ્યારે માપને સમાન એકમોમાં દર્શાવવામાં આવે અને નિરપેક્ષ શૂન્યથી શરૂ કરવામાં આવે તે માપ પદ્ધતિ કઈ ?

(A) ઓળખઅંક
(B) ક્રમાંક
(C) અંતર-અંક
(D) ગુણોત્તર

(43) સંશોધનમાં અમારા ઉપર પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. આ સભાનતા બાહ્ય પદાર્થને જોખમમાં મૂકે છે તે કયા નામે ઓળખાય છે ?

(A) પિગ્મેલિયન અસર
(B) પ્લેસેબો અસર
(C) હોથાર્ન અસર
(D) પસંદગી અસર

(44) સંશોધન અહેવાલ લેખનમાં પદનોંધ માટે નીચેનામાંથી શું સાચું નથી ?

(A) પાદનોંધ ચિહ્નનો ક્રમ પ્રત્યેક પ્રકરણ માટે સળંગ રાખવો.

(B) પાદનોંધ ચિહ્નનો ક્રમ પ્રત્યેક પ્રકરણ માટે જુદો જુદો રાખવો.

(C) પાદનોંધ સમગ્ર અહેવાલ લેખન પૂર્ણ થયા બાદ નોંધવી.

(D) પાદનોંધ અહેવાલ લેખનની શરૂઆતમાં લખવી.

(45) અહીં આપેલ પ્રાપ્તાંકના આધારે કાચો બહુલક શોધો.

21, 21, 28, 32, 35, 32, 28, 32

(A) 21 (B) 28 (C) 32 (D) 35

(46) વર્ગમાં મોટાભાગના વિદ્યાર્થીઓની ભાષામાં જોડણીમાં ભૂલો થાય છે તો શિક્ષક કયા પ્રકારનું સંશોધન હાથ ધરશે ?

(A) સર્વેક્ષણ (B) ક્રિયાત્મક સંશોધન

(C) કેઈસ સ્ટડી (D) પ્રાયોગિક સંશોધન

(47) નીચેના પૈકી કઈ સંભાવના આધારિત નિદર્શ પદ્ધતિ છે ?

(A) આનુસંગિક નિદર્શ પદ્ધતિ (B) સહેતુક નિદર્શ પદ્ધતિ

(C) યાદચ્છિક નિદર્શ પદ્ધતિ (D) નિયત હિસ્સા નિદર્શ પદ્ધતિ

(48) વ્યક્તિ અભ્યાસ પદ્ધતિ એ કઈ સંશોધન પદ્ધતિમાં આવે છે ?

(A) સર્વેક્ષણ પદ્ધતિ (B) સંબંધાત્મક પદ્ધતિ

(C) વિકાસાત્મક અભ્યાસ પદ્ધતિ (D) વિકાસાત્મક અભ્યાસ પદ્ધતિ

(49) જેમાં ફેરફાર કરીને તેની ફેરફારોની અસર બીજા પર તપાસવામાં આવે છે તેને કયો ચલ કહેવામાં આવે છે ?

(A) પરતંત્ર ચલ (B) અંકુશિત ચલ

(C) સ્વતંત્ર ચલ (D) આંતરવર્તીય ચલ

(50) સેન્સસ, કમિશનો દ્વારા અમુક પરિસ્થિતીના નિદાન માટેના સર્વેક્ષણો અને સમગ્રદેશનાં શૈક્ષણિક સર્વેક્ષણોનો સમાવેશ શેમાં થાય છે ?

(A) મોટાકદના સર્વેક્ષણો (B) નાના કદના સર્વેક્ષણો

(C) દસ્તાવેજી સર્વેક્ષણો (D) ધોરણાત્મક સર્વેક્ષણો

(51) એક જીવંત વર્ગખંડમાં કેવું વાતાવરણ જોવા મળે છે ?

(A) પ્રસંગોપાત હાસ્ય (B) પૂર્ણ મૌન

(C) વિદ્યાર્થી-શિક્ષક વચ્ચે સતત સંવાદ (D) વિદ્યાર્થીઓ વચ્ચે જોર જોરથી ચર્ચા

(52) અસરકારક શિસ્ત માટે શિક્ષકે નીચેમાંથી શું કરવું જોઈએ ?

(A) વિદ્યાર્થીઓને ગમે તે કરવા દેવુ
(B) વિદ્યાર્થીઓ સાથે સખ્તાઈથી વર્તવુ
(C) વિદ્યાર્થીઓને પ્રશ્નો ઊકેલવા આપવા
(D) વિદ્યાર્થીઓ સાથે વિનમ્રતા અને દઢતાથી વર્તવુ

(53) વર્ગખંડમાં જોવા મળતા ડીસલેક્સીક વિદ્યાર્થીઓમાં કેવા પ્રકારની ખામી જોવા મળે છે ?

(A) માનસિક ખામી
(B) વર્તનમાં ખામી
(C) વાંચનમાં ખામી
(D) લેખનમાં ખામી

(54) શિખવવા માટે શિક્ષક દ્વારા નિચેમાંથી કઈ પ્રયુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે ?

A. વ્યાખ્યાન B. ઇન્ટરએક્ટીવ વ્યાખ્યાન C. ગ્રુપ વર્ક D. સેલ્ફ સ્ટડી

(A) A, B અને C
(B) A, B અને D
(C) B, C અને D
(D) A, B, C અને D

(55) કસોટી જે લક્ષણોનું માપન કરવા બનાવેલ હોય તેજ લક્ષણોનું માપન કરે અને અન્ય લક્ષણોનું નહિ, ત્યારે તે કસોટી ................ છે.

(A) યર્થાથ
(B) વિશ્વસનીય
(C) સમધારણ વિસ્તરણ
(D) પ્રતિ શતાંકો દર્શાવતી

(56) કયા પ્રાપ્તાંકો 0 થી 100 સુધીની મર્યાદા દર્શાવે છે અને તેમની સરાસરી 50 તથા પ્રમાણ વિચલન 10 હોવાથી તે સમજવામાં બહુ સરળ છે ?

(A) T - પ્રાપ્તાંકો
(B) Z - પ્રાપ્તાંકો
(C) સ્ટેનાઇન
(D) પ્રતિશતાંકો

(57) પડઘા પ્રશ્નો એટલે.....

(A) જવાબની દિશામાં લઈ જવા પૂછાતા પ્રશ્નો
(B) પૂર્વજ્ઞાન ચકાસવા પૂછાતા પ્રશ્નો
(C) શિક્ષણ માહિતી રજૂ કરી તરત જ પ્રશ્નો પૂછે તે પ્રશ્ન
(D) પ્રશ્નમાં જ જવાબ સમાયેલો હોય તેવા પ્રશ્નો

(58) વિદ્યાર્થીઓમાં જિજ્ઞાસાવૃત્તિ ખીલવવા માટે નીચે પૈકી કઈ અધ્યાપન પ્રવિધિ ઉપયોગી છે ?

(A) રમત (B) નાટ્યીકરણ (C) કથનચર્ચા (D) નિદર્શન

(59) વર્ગખંડની કયા પ્રકારની આંતરક્રિયાથી સ્વંય શિક્ષણને વધુ તક મળે છે ?

(A) વિદ્યાર્થી અને શિક્ષણ વચ્ચે થતી આંતરક્રિયા
(B) વિદ્યાર્થીઓને વિદ્યાર્થી વચ્ચે થતી આંતરક્રિયા
(C) વિદ્યાર્થી અને સામગ્રી વચ્ચે થતી આંતરક્રિયા
(D) આપેલ પૈકી એક પણ નહિ

(60) પ્રો. નેકલેન્ડર્સે વર્ગવ્યવહારના દર્શાવેલ ઘટકોમાં કયા ઘટકનો સમાવેશ થતો નથી.

(A) સૂચના આપવી.
(B) TLM નો ઉપયોગ કરવો.
(C) સત્તા સ્થાપિત કરવી.
(D) અધ્યેતાના વિચારનો સ્વીકાર કરવો.

(61) શાળામાં કોઈ એક વિષયની પ્રશ્નબેંક રચવાથી શું લાભ થાય ?

(A) શિક્ષકનો સમય બચે.
(B) સારા અજમાયેલા અને વૈવિધ્યપૂર્ણ પ્રશ્નો વડે સમતોલ પ્રશ્નપત્ર કાઢી શકાય.
(C) પરીક્ષા ઝડપથી લઈ શકાય.
(D) શાળાની પ્રતિષ્ઠા વધે.

(62) નીચેનામાંથી કયું MOOC માટેનું પ્લેટફોર્મ નથી.

(A) SWAYAM
(B) SWAYAM - PRABHA
(C) edX
(D) Blackboard Learn

(63) એક એજ્યુકેશનલ ટેકનોલોજિસ્ટ નીચેમાંથી કયા કાર્યો કરે છે ?

A. શિક્ષણ યોજના તૈયાર કરવી.
B. શૈક્ષણિક સામગ્રી તૈયાર કરવી.
C. શૈક્ષણિક સંસાધનોનો સંગ્રહ કરવો.
D. અધ્યેતાને શિખવામાં મદદ કરવી.

(A) A, B અને C
(B) B, C અને D
(C) A, B અને D
(D) A, B, C અને D તમામ

(64) નીચેનામાંથી કઈ લાક્ષણિકતા વૅબ 2.0 ની છે ?

(A) સ્ટેટીક વેબપેજ
(B) રીડ ઓન્લી કન્ટેન્ટ
(C) યુઝર જનરેટેડ કન્ટેન્ટ
(D) વન વે ઇન્ટર એક્સન

(65) નીચે આપેલ શૈક્ષણિક મૉડલને સાચા ક્રમમાં ગોઠવો.

I. Evaluate   II. Implement   III. Design   IV. Analyse   V. Develop

(A) III, IV, II, V અને I
(B) V, II, II, IV અને I
(C) III, II, V, I અને IV
(D) IV, III, V, II અને I

(66) નીચે પૈકી કઈ ઇ-ટ્યુટોરિયલની મર્યાદા છે ?

(A) તે ઓછી ખર્ચાળ છે.
(B) અધ્યેતા પાસે પાયાના તકનીકી કૌશલ્યો હોવા જરૂરી છે.
(C) અધ્યેતા પોતાની ગતિથી શીખી શકે છે.
(D) તે સ્થળ સમયના બંધનોથી મુકત છે.

(67) બુદ્ધિપૂર્વક અને મનુષ્યના જેમ વર્તે છે તે ટેકનોલોજીને શું કહે છે ?

(A) મશીન લર્નિંગ (B) ડેટા માઇનીંગ

(C) આર્ટિફિસિયલ ઇન્ટેલિજન્સ (D) નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગ

(68) વેબ કોન્ફરન્સિંગ ટુલ તરીકે શેનો ઉપયોગ કરી શકાય છે ?

(A) ગૂગલમીટ (B) ગૂગલ ડ્રાઇવ

(C) ગૂગલ ડોક્સ (D) ગૂગલ ફોર્મ

(69) e-Pathshala નું સંચાલન કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે ?

(A) NCERT (B) NCTE (C) GCERT (D) GIET

(70) ઈ-કન્ટેનટ નિર્માણ પ્રક્રિયામાં ફાઇલને વેબ પેઇઝ તરીકે સેવ કરતાં તેનું Extension કયું હોય છે ?

(A) *.html (B) *.mht (C) *.xlsx (D) *.avi

(71) શિક્ષક ત્યાં સુધી સાચું શિક્ષણ ક્યારેય આપી શકતો નથી. જ્યાં સુધી તે પોતે શીખતો ન રહે. એક દીવો બીજા દીવાને ત્યારે જ જલતો રાખી શકે જ્યારે તે પોતે જ પ્રદીપ્ત હોય. આ વાક્ય કોના દ્વારા કહેવામાં આવેલ છે ?

(A) કાકાસાહેબ કાલેલકર (B) ગાંધીજી

(C) ગિજુભાઈ બધેકા (D) રવિન્દ્રનાથ ટાગોર

(72) શિક્ષણ - પ્રશિક્ષણ આપતી સંસ્થાઓના વિદ્યાર્થીઓ પાસે લેવાતી ફીનું નિર્ધારણ કઈ સંસ્થા કરે છે ?

(A) U.G.C. (B) NCERT (C) NCTE (D) MHRD

(73) NEP 2020 મુજબ કયા વર્ષ સુધીમાં ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ દ્વારા આપવામાં આવતી 4 વર્ષીય સંકલિત બી.એડ.ની પદવી ન્યૂનત્તમ લાયકાત બનનાર છે ?

(A) 2025 (B) 2027 (C) 2028 (D) 2030

(74) પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધીની તાલીમ અને શિક્ષણ ક્ષેત્રને લગતા સંશોધનો કરતી સંસ્થા રાષ્ટ્રીય કક્ષાએ કઈ છે ?

(A) NCTE (B) NCERT (C) RIE (D) CBSE

(75) NCF એટલે શું ?

(A) રાષ્ટ્રીય પાઠ્યક્રમ દસ્તાવેજ (B) રાષ્ટ્રીય અભ્યાસક્રમ દસ્તાવેજ

(C) રાજ્ય અભ્યાસક્રમ દસ્તાવેજ (D) રાજ્ય પાઠ્યક્રમ દસ્તાવેજ

(76) MHRD • 1989 માં DIET માટે પ્રસિધ્ધ કરેલ ગાઇડ લાઇન મુજબ DIET માં કેટલી શાખાઓ જોવા મળે છે ?

(A) આઠ (B) નવ

(C) સાત (D) છ

(77) કઈ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ/કમીશનની ભલામણ અંતર્ગત દેશમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનોની સ્થાપના કરવામાં આવી છે ?

(A) NEP : 1992
(B) NEP : 1986
(C) NEP : 2020
(D) Kothari Commission - 1964

(78) નીચેનામાંથી કયું NCTE નું કાર્ય નથી ?

(A) માન્યતા પ્રાપ્ત સંસ્થાઓ દ્વારા ટ્યુશન ફી તેમજ અન્ય ફીની રકમ સંદર્ભે માર્ગદર્શન

(B) દેશમાં ટીચર એજ્યુકેશન સંદર્ભમાં દેખરેખ અને સંકલન

(C) ટીચર એજ્યુકેશનનું વ્યવસાયિકરણ થતું અટકાવવું.

(D) CBSE શાળાઓને માન્યતા આપવાનું કાર્ય

(79) સેવાકાલીન શિક્ષકોને તાલીમ આપવા માટે જિલ્લા શિક્ષણ અને તાલીમભવનમાં કઈ શાખા કાર્યરત છે ?

(A) CMDE
(B) IFIC
(C) DRU
(D) WE

(80) ભારતમાં શિક્ષણ-પ્રશિક્ષણ માટે નીચે પૈકી કયું કમિશન/સમિતી રચવામાં આવેલ હતું ?

(A) પ્રો. યશપાલ સમિતી
(B) જસ્ટીશ વર્મા કમિશન
(C) ચટ્ટોપાધ્યાય કમિશન-I
(D) કોઠારી કમિશન

(81) માત્ર પુરુષો માટે પ્રખ્યાત નૃત્ય કયું છે ?

(A) કોળી નૃત્ય
(B) રાસ-ગરબા
(C) મૈર નૃત્ય
(D) ડાંગી નૃત્ય

(82) મહર્ષિ પતંજલીએ 'યોગસુત્ર'માં શરીર, મન અને પ્રાણની શુદ્ધિ માટે યોગના કેટલા અંગો સૂચવ્યાં છે ?

(A) પાંચ
(B) સાત
(C) આઠ
(D) દસ

(83) અંગૂઠો અને તર્જનીનો પ્રથમ ટોચનો ભાગ સ્પર્શેલો રાખી, ત્રણ આંગળા ભેગા રાખી સીધી રાખવાથી કયુ મુદ્રા થશે ?

(A) વરુણમુદ્રા
(B) શૂન્યમુદ્રા
(C) હ્રદયમુદ્રા
(D) વાયુમુદ્રા

(84) "વર્લી" પેઇન્ટીંગ માટે કયું રાજ્ય પ્રચલિત છે ?

(A) મહારાષ્ટ્ર
(B) મધ્યપ્રદેશ
(C) ઓડીશા
(D) રાજસ્થાન

(85) કેલિગ્રાફી એ કઈ કલામાં આવે છે ?

(A) ચિત્રકલા
(B) નાટ્યકલા
(C) સંગિત
(D) નૃત્ય

(86) નીચેનામાંથી કઈ હસ્તકલાની પ્રવૃત્તિ છે ?

(A) ચિત્ર દોરવા
(B) રંગપૂરણી
(C) કલાખંડનું સુશોભન
(D) ચિત્ર પ્રદર્શન

(87) કયું આસન પેટ અને નિતંબ ઉપર ચડેલી વધારાની ચરબીને દૂર કરે છે ?

(A) નૌકાસન
(B) ઉતાનપાદાસન
(C) પવન મુક્તાસન
(D) ગરુડાસન

(88) લીલા અને જાંબલી રંગનું મિશ્રણ કરવાથી કયો રંગ બને છે ?

(A) પથ્થરિયો (Ash or slate)
(B) ચટણી (Olive green)
(C) બદામી (Brown)
(D) જાંબલી (Purple)

(89) જે છંદના પંક્તિઓ વચ્ચે વિરામ નથી આવતો તેવા છંદને કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) મંદાક્રાંતા
(B) સયતિક
(C) યતિ
(D) અયતિક

(90) જે નાદથી ઘનતા અથવા કંપન ઓછું હોય તેવો નાદ કેવો હોય છે ?

(A) નાનો
(B) મોટો
(C) આંદોલન
(D) નાદની મતિ

(91) વોલીબોલના મેદાનની લંબાઈ કેટલા મીટર હોય છે ?

(A) 16 મીટર
(B) 18 મીટર
(C) 20 મીટર
(D) 21 મીટર

(92) NISTHA નું પૂરું નામ જણાવો ?

(A) National Initiative for school Teachers Holistic Advancement
(B) National Initiative for school Heads and Teachers Holistic Achievement
(C) National Initiative for school Heads and Teachers Holistic Advancement
(D) Native Initiative for school Heads and Teachers Holistic Advancement

(93) રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - 2020 મુજબ શાળા શિક્ષણનું માળખું કેવી રીતે ગોઠવાયેલ છે ?

(A) 10 + 2
(B) 3 + 2 + 6 + 3
(C) 5 + 3 + 3 + 4
(D) 5 + 3 + 2 + 2

(94) રાષ્ટ્રીય મૂલ્યાંકન કેન્દ્ર માટે કયો શબ્દ પ્રયોગ થાય છે ?

(A) FLS (B) NAS

(C) PARAKH (D) CCE

(95) કયું ઇ-લર્નિંગ પ્લેટફોર્મ હાલમાં કાર્યરત છે ?

(A) DIKSHA (B) TV

(C) PARAKH (D) CIET

(96) NEP : 2020 મૂળભુત રીતે કેટલા સ્તંભો પર આધારિત છે ?

(A) 5 (B) 4

(C) 3 (D) 8

(97) "Live and let live" – વિધાન શિક્ષણની કઈ આધારશીલા સાથે સૌથી વધુ બંધ બેસે છે ?

(A) સમાજશાસ્ત્રીય આધારશિલા (B) માનસશાસ્ત્રીય આધારશિલા

(C) જીવશાસ્ત્રીય આધારશિલા (D) દર્શનશાસ્ત્રીય આધારશિલા

(98) NEP : 2020 માં વિદ્યાર્થીઓ માટે કેવા પ્રકારના રીપોર્ટ-કાર્ડ આપવાની ભલામણ થઈ છે ?

(A) વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચેના પર્ફોમન્સ દર્શાવતા

(B) પેપર પેન્સીલ ટેસ્ટના પરિણામો દર્શાવતા

(C) રચનાત્મક મૂલ્યાંકન દર્શાવતા

(D) $360^0$ બહુ-આયામો દર્શાવતા

(99) RTE એક્ટ 2009 અનુસાર શૈક્ષણિક વર્ષ દરમિયાન ધો. 6 થી 8 માં કેટલા કલાક શિક્ષણ આપવાની જોગવાઈ છે ?

(A) 800 (B) 1200

(C) 1000 (D) 900

(100) NCF : 2023 મુજબ પાયાના તબક્કા (foundational stage) માં બાળક પાસે કેટલી ભાષાનું જ્ઞાન હોવું અપેક્ષિત છે ?

(A) બે ભાષા (B) ત્રણ ભાષા

(C) ચાર ભાષા (D) ચારથી વધુ

◆◆◆

# રફ કામ માટેનું પેઈજ

PAPER-1

## રફ કામ માટેનું પેઈજ

પરીક્ષા પૂરી થયાબાદ **OMR** શીટ ખંડ નિરીક્ષકને પરત કર્યા બાદ જ પરીક્ષા ખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસૂર થયેથી શિસ્તભંગના પગલા લઈ પરીક્ષા માટે જે તે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.